
ગુજરાતમિત્ર
# શો ટાઈમ
ગુરુવાર ૧૩ માર્ચ, ૨૦૨૫

જ્હોન એબ્રાહમ માટે 'ધ ડિપ્લોમેટ' ફિલ્મ હીરો તરીકે પોતાને ટકાવવા માટેની એક્શન સમી છે. 2003ની 'જિસ્મ'થી તે જે કાંઈ કરી ચૂક્યો છે તેમાં સાતમાં ક્રમેથી પાંચમા, ચોથા, ત્રીજા ક્રમે રમવા સુધી પહોંચ્યા પછી અત્યારે આઠમાં ક્રમે રમતો હોય એવું લાગે છે




## જોહન એબ્રાહમ... છે હજુ દમ?

**સ્ટાર દમ**

જોહન અબ્રાહમ પોતાની જ સામે પોતાનામાં સિનીયર થઈ ગયો છે અને જાણે પોતે જ પોતાને યાદ આવતો હોય તેમ હવે ફિલ્મોમાં આવે છે. તેના વિશેની હકીકત કંઈક એવી છે કે તે એક્શન સ્ટાર તરીકે ગણાવા માંડ્યો ત્યારે અક્ષય, અજય, સુનિલ, રીતિક, સંજય અને ક્યારેક સલમાનની એક્શન પેક ઈમેજ સામે ટકવાનું હતું. જે નિર્માતા આ બધાને મેળવી નહી શકતા તે જોહનને મેળવીને કામ ચલાવતા. જોહન લુકમાં પણ સારો હતો એટલે વિકલ્પ તરીકે ચાલી ય ગયો, પણ આજે સ્થિતિ એવી છે કે ફક્ત એક્શનનાં નામે તો ટાઈગર પણ નથી ચાલતો અને અજય, અક્ષય, રિતીક, સલમાન એક્શન પૂરતા મર્યાદિત નહોતા એટલે કારકિર્દીમાં આગળ વધ્યા પણ જોહન હજુ એક્શનના ભરોસે ઊભો છે. તેની 'ધ ડિપ્લોમેટ' લાંબા સમય પછી આવી છે. લાંબા સમય પછી એટલે પણ લાગે છે કે ગયા વર્ષે રજૂ થયેલી ફિલ્મોમાં 'તહેરાન' તો ડબ્બામાં ગયેલી અને 'વેદા'માં મેજર અભિમન્યુ કંવર બનેલો તે કઈ મેજર ફિલ્મ બની શકી નહોતી. છેલ્લી તેની ફિલ્મ યાદ કરવાની હોય તો શાહરૂખ સામે વિલન તરીકેની 'પઠાણ' જ યાદ કરવી પડે. તેણે પોતાની સાથે એક પ્રયોગ કરેલો બાકી તે કાચી ઉંમરમાં વિલન થવા માંગતો નથી. તેને હજુ હીરો તરીકે સફળ જવું છે. હીરો ય એવો કે તેની ફિલ્મમાં માત્ર પોતે એકલો જ હોય. મલ્ટી સ્ટાર ફિલ્મોમાં કામ કરી જોયું પણ તેણે તેને લાભ નથી કરાવ્યો. અલબત્ત, મલ્ટીસ્ટાર ફિલ્મોમાં કામ કરવું પણ તેની જરૂરિયાત છે, નહીંતર મળતાં કામ પણ હાથ પરથી જાય. આ કારણે જ તે 'શૂટાઉટ એટ ભાયખલા'માં શાહિદ, સૈફ અલી ખાન વગેરેના કાફલામાં શામિલ છે. અરે, તેની 'અફરા તફરી'માં પણ અસ્સલ એક્શન સ્ટાર સુનિલ શેટ્ટી ઉપરાંત ગોવિંદા છે. તેના માટે 'ધ ડિપ્લોમેટ' ફિલ્મ હીરો તરીકે પોતાને ટકાવવા માટેની એક્શન સમી છે. 2003ની 'જિસ્મ'થી તે જે કાંઈ કરી ચૂક્યો છે તેમાં સાતમાં ક્રમેથી પાંચમા, ચોથા, ત્રીજા ક્રમે રમવા સુધી પહોંચ્યા પછી અત્યારે આઠમાં ક્રમે રમતો હોય એવું લાગે છે. તે સુનિલ જેટલો જ નબળો એક્ટર હતો, ભલે એક્શનમાં સારો હતો. લોકોને અક્ષય, અજય, સલમાન જેવા એક્શન સ્ટાર જોઈએ છે જેમાં રોમાન્સનાં બે દશ્ય કરે તો પણ મઝા આવી જાય. જોહન પાસે એવા બે દશ્યની ખોટ છે. બાકી, એ માણસ સારો છે.

જોહને પોતાને બચાવવા ફિલ્મોનું નિર્માણ પણ કર્યું છે. 'વિકી ડોનર', 'મદ્રાસ કાફે', 'રોકી હેન્ડસમ', 'ફોર્સ-2', 'પરમાણુ' ફિલ્મો તેણે બનાવેલી 'બાટલા હાઉસ' ને 'સરદાર કા ગ્રાન્ડસન', 'તારા વર્સિસ બિલાલ', 'વો ભી દિન થે' અને 'વેદા' પણ તેની હતી. અત્યારે પણ તે 'તહેરાન' અને 'તારિક' બનાવી રહ્યો છે. પોતાને હીરો તરીકે બચાવી લેવાનું આ મિશન છે, પણ નિર્માતા બનવાથી હીરો તરીકે ટકી ન શકાય. 'ધ ડિપ્લોમેટ'નો પણ તે એક નિર્માતા છે. તે આ જ દશા છે. હા, આ ફિલ્મમાં ફરી પાકિસ્તાન સાથેનો સંઘર્ષ છે, જેમાં એક ભારતીય છોકરીને મુક્ત કરાવવાની છે. હિન્દુ-મુસ્લિમ પાત્ર, ભારત-પાકિસ્તાન સંઘર્ષ, સરહદ પારની સમસ્યા એવી છે કે જે આજે પ્રેક્ષક મેળવી શકે. તે ઈચ્છા કરશે કે ડિપ્લોમેટ તરીકેની ડિપ્લોમસી કામ લાગે. ●

## કાશ્મીર કી કલી સાદિયા બોલિવૂડમાં ખીલશે?

**ગ્લેમર**

કાશ્મીર કી કલી જોવી કોને ન ગમે?... પણ વિત્યા વર્ષોમાં ત્યાં બગીચા જ ઉજડી ગયા એટલે જે કલીઓ ખીલી તે મુરઝાઇ ગઇ. પણ હવે સાદિયા ખતિબ આવી છે. જમ્મુ-કાશ્મીરનાં ડોડા જિલ્લાના ભદેરવાહની સાદિયા ખતિબ 'ધ ડિપ્લોમેટ'માં ઉઝમા અહેમદ તરીકે એન્ટ્રી લઇ રહી છે. અલબત્ત, આ તેની પહેલી ફિલ્મ નથી, બીજી ય નથી. ત્રીજી ફિલ્મ છે. તેની પહેલી ફિલ્મ તો વિદુ વિનોદ ચોપરા કે જે મૂળ જમ્મુ-કાશ્મીરનાં જ છે તેની 'શિકારા' હતી. વિદુને આ રીતે ટેલેન્ટ શોધતા આવડે છે. તેમની 'કરીબ'માં શબાના રઝા હતી જે નેહા તરીકે જાણીતી થઇ અને મનોજ વાજપેયીને પરણી ગયેલી. 'પરિણીતા'માં વિદ્યા બાલનને હીરોઇન બનાવનાર પણ વિદુ જ છે, તો એ વિદુએ આ સાદિયાને 'શિકારા'માં તક આપેલી, પરંતુ એ ફિલ્મ ધારણા પ્રમાણે ચાલી નહીં તો સાદિયા પણ રાહ જોતી રહી ગઇ. તેને 'રક્ષાબંધન' ફિલ્મ મળી તો તેમાં અક્ષયની બહેન બનવું પડ્યું. કોઇપણ નવી નવી અભિનેત્રીને આમ જાણીતા સ્ટારની બહેન બનવાનું આવે તો સમજો કે કારકિર્દી અટવાઇ ગઇ. બધી બહેન કાંઇ ઝિન્નત અમાનની જેમ હીરોઇન બની જતી નથી. 'ધ ડિપ્લોમેટ' ફિલ્મ જોહન એબ્રાહમને કેન્દ્રમાં રાખીને જ બની હોય ત્યારે સાદિયાને ચોક્કસ ઓછી તક હશે પણ જો ટેલેન્ટ હોય તો બે દૃશ્યમાં પણ પૂરવાર થઇ જાય છે. 'સ્પેશિયલ ઓપ્સ' ને 'નામ શબાના'ના દિગ્દર્શક શિવમ નાયર આ ફિલ્મના દિગ્દર્શક હોવાથી સાદિયા પાસે સારા કામની અપેક્ષા છે. સાદિયા નૈસર્ગિક સૌંદર્ય ધરાવે છે અને તેને સ્ટનિંગ એક્ટ્રેસ પણ ગણવામાં આવે છે. તે મુંબઇના ફિલ્મ જગતમાં હજુ મુક્ત રીતે ફરતી નથી થઇ. આમ જુઓ તો તેનો કોઇ મેન્ટોર નથી, સલાહકાર નથી એટલે તેણે જાતે જ કામ શોધવું પડે છે અને કામ મળે તો તે યોગ્ય છે કે નહીં તેનો નિર્ણય લેવો પડે છે. અભિનેત્રી નવી નવી હોય તો તેના મેન્ટોર બનવા જે કોઇ હીરો યા નિર્માતા કે દિગ્દર્શક આવી જાય છે તે શરીરનું શોષણ કરનારા હોય છે. સદિયા ખતિબને કોઇ મેન્ટોર નથી તે તેનું નસીબ કહેવાય કે બદનસીબ તે ખબર નથી, પરંતુ જો તે તેને મળતી ફિલ્મમાં સફળ નીવડી બતાવે તો પછી તેને બીજી કોઇ જરૂરિયાત રહેશે નહીં. 'શિકારા'માં તેને ખૂબ સારી ભૂમિકા મળેલી એવી બીજી ભૂમિકાઓની તેને તલાશ છે. અક્ષય સાથેની 'રક્ષાબંધન' વિશે તેને કોઇ અફસોસ નથી. તે કહે છે કે અક્ષય જેવા સ્ટાર સાથે કામ કરવા મળ્યું તે પણ મોટી વાત છે. અત્યારે મારા માટે દરેક ફિલ્મ શીખવા માટે જ છે. હું હિન્દી ફિલ્મોની આબોહવાને સુંઘી રહી છું અને આગળ વધી રહી છું. શરૂઆત મોડેલિંગથી કરી હતી. વીસ વર્ષની હતી ત્યારે 'શિકારા' ફિલ્મ મળેલી. એ ફિલ્મ વખતે તેના હીરો આદિલ ખાન સાથે પ્રેમ થયાની ચર્ચા પણ ચાલેલી, પરંતુ સાદિયા એવી વાતથી આગળ નીકળીને કારકિર્દી વિશે જ વિચારે છે. ●



## નોરા ફતેહીની ફતેહ

**લાઈમ લાઈટ**

નોરા ફતેહી હવે ઘણીવાર સાડી પહેરે છે, મંગળસૂત્ર ક્યારે પહેરશે તે ખબર નથી, પણ નેકલેસ પહેરે છે. મંગળસૂત્ર પહેરશે તો માથામાં સિંદૂર પણ લગાડશે. તે હવે ભારતીય હોવાની ઓળખ રચવા માંગે છે અને મોરોક્કો-કેનેડીયન તરીકેની ઓળખ ભુંસવા માંગે છે. તે આજ સુધી પોતાને દિલથી હિન્દુસ્તાની તરીકે ઓળખાવતી હતી, હવે દિલથી જ નહીં તન-મનથી હિન્દુસ્તાની બની રહી છે. કેટરીના કૈફ વિકી કૌશલને પરણી ઘણી બધી હિન્દુ બની ગઈ છે અને હમણાં મહાકુંભમાં સ્નાન પણ કરી આવી. નોરા વિશે પૂછવું પડે કે શું તે હિન્દી ફિલ્મોમાં વધુ સફળ જવા પોતાનામાં પરિવર્તન લાવી રહી છે? કેબ્રે ડાન્સ કરતાં કરતાં ભૂતકાળમાં હેલન ઘણી ફિલ્મોની હીરોઈન પણ બની ગઈ હતી. આવી રહેલી 'બી હેપ્પી' ફિલ્મમાં તે અભિષેક બચ્ચન સામે એવી જ મહત્ત્વની ભૂમિકા ભજવી રહી છે.'બી હેપ્પી' ફિલ્મના પોસ્ટર પર તમને બે સેલેબલ સ્ટાર જોવા હોય તો અભિષેક સાથે નોરા ફતેહી જ છે. કરીના, ઐશ્વર્યાનો હીરો નોરા સાથે કામ કરે છે. આ ફિલ્મ કોરિયોગ્રાફર-ફિલ્મમેકર રેમો ડિસુઝાની છે અને તેમાં પિતા-પુત્રી સંબંધની વાત છે. ફિલ્મ બની છે હિન્દીમાં પણ ડબ્ડ થઈ તમિલ, તેલુગુ, મલયાલમ અને કન્નડમાં પણ રજૂ થવાની છે. મતલબ કે નોરા એક ફેમિલી ફિલ્મમાં દેખાશે. નોરાનું સૌંદર્ય એવું છે કે તે ભારતીય લાગી શકે છે અને બીજી ખાસ વાત કે તે અભિનય બાબતે અને સારી ભૂમિકા મેળવવા બાબતે ગંભીર બની છે. બાકી તેની ઓળખ તો ડાન્સિંગવાળા ગીતોથી થઈ છે. તે કામણગારી પણ છે એટલે હિન્દી ઉપરાંત સાઉથની ફિલ્મોમાં પણ ચાલી ગયેલી. 'બાહુબલી: ધ બિગીનિંગ અને 'ક્રેક-૨'માં તેના ગીત ખાસ આકર્ષણ બન્યા હતા. 'બાટલા હાઉસ' અને 'મરજાવા'માં પણ તેના ગીતો ફિલ્મોની એન્ટરટેઈમેન્ટ વેલ્યુ વધારવા માટે જ હતા અને 'ભારત'માં તો તેણે સુઝાન વિલાયતી ખાનની ભૂમિકા પણ ભજવી હતી. ડાન્સ કરવા સાથે તે પોતાની ભૂમિકા મોટી કરતી રહી છે અને હેલન જેમ દારાસીંગ, ચન્દ્રશેખરની હીરોઈન બની જતી તેમ વિદ્યુત જામવાલ સામે 'ક્રેક'માં યા 'મડગાંવ એક્સપ્રેસ'માં સારી ભૂમિકા મેળવી હતી. કેટરીના, જેક્લીન, નોરા, સની લિઓની વિદેશથી આવી છે એટલે હિન્દી ફિલ્મોમાં તેમને આધાર આપનારા અને પ્રમોટર બનનારા ઓછા હોય, પરંતુ તેમણે પોતાના રસ્તા કર્યા છે. નોરા મ્યુઝિક વીડિયોમાં ટોપસ્ટાર બની ગઈ અને ફિલ્મોમાં પણ એ રીતે સ્થાન મેળવ્યુ અને હવે સારી ભૂમિકા માટે મહેનત કરે છે. તે એકવાર જાહેરમાં કબૂલી ચૂકી છે કે રિતીક પ્રત્યે તેને ક્રશ હતો, છતાં તેના નામે કોઈ લાંબી-ટૂંકી લવસ્ટોરી નથી ચડી. ડાયવોર્સ લીધેલા મા-પિતાની તે દીકરી છે એટલે સંબંધોને કેવી રીતે ડેવલપ કરવા તે જાણે છે. તે પોતાની સ્ક્રીન વેલ્યુ પણ જાણે છે એટલે અનેક રિયાલટી શોની પણ તે હિસ્સો બની છે. આ કારણે જ 'બી હેપ્પી' જેવી ફિલ્મ ઉપરાંત તે 'ક્રિશ-4' ઉપરાંત સંજય દત્ત સાથે 'કેડી: ધ ડેવિલ'માં આવી રહી છે. તેની પાસે સાઉથની 'હરી હરા વીરા મલ્લુ', 'કાંચના-4', ' 100 %' જેવી ફિલ્મો અને 'ધ રોયલ્સ' જેવી ટી.વી. સિરીઝ પણ છે. હમણાં ફેબ્રુઆરીની છઠ્ઠી તારીખે 33 વર્ષની થયેલી નોરા પોતાની કારકિર્દીને કેવી રીતે કેટલી આગળ ધપાવે છે તે ઈન્ટ્રેસ્ટિંગ રહેશે. ●

